કલમ – ૪(૧)(બી)(૨)

પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલનાં અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

કેડરવાઈઝ કામગીરીનું પત્રક

(૧)	કાર્યપાલક ઈજનેર (પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)	સમગ્ર ખાતાનાંતમામ ઈજનેરી તથા કલેરીકલ વિભાગનું સંચાલન તથાખાતાને સંલગ્ન તમામ કામગીરીઓના વહીવટી વડા.
(૨)	ડે. ઈજનેર (સિવિલ)	સુરત શહેર વિસ્તારમાં મ્યુનિ. મુખ્ય કચેરી તથા સ્પે. પ્રકલ્પો તેમજ સ્મીમેર મેડીકલ કોલેજ કેમ્પસનું નિભાવ, મરામત અને નવા બિલ્ડીંગના પ્લાનીંગ, માસ્ટર પ્લાનની કામગીરી તેમજ શહેર વિસ્તારમાં સ્વીમીંગપુલ, ઓડીટોરીયમ, વર્કીંગ વુમન હોસ્ટેલ, SHE બ્લોક, આઉટડોર સ્ટેડીયમ, PPP mode હેઠળ અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક, વિગેરે બનાવવાની કામગીરીતેમજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ઓફિસોની ફાળવણીની કામગીરી. વધુમાં DAY – NULM સ્કીમ અંતર્ગત ઘર વિહોણા શહેરીજનો માટે શેલ્ટર ફોર અર્બન હોમલેસ માટે તમામ ઝોન સાથે સંકલિત આયોજન કરવું તેમજSUSVસ્કીમ હેઠળ વેજીટેબલ માર્કેટના આયોજન તમામ ઝોન સાથે સંકલન કરવાનું કામ તેમજ ડે.ઈજનેરથી નીચેની કક્ષાનાં કર્મચારીઓ પાસે ખાતાને લગતી તમામ પ્રકારની કામગીરી કરાવવાનું કામ.
	ડે.ઈજનેર (ઈલે.)	સુરત શહેર વિસ્તારમાં મ્યુનિ. સ્પે. પ્રકલ્પો તેમજ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલહસ્તકના નવા સ્વીમીંગપુલ અને નવા પ્રકલ્પ તેમજ સ્મીમેર હોસ્પિટલ / મેડી.કોલેજ / હોસ્ટેલનું ઈલેકટ્રીકલ ઈનસ્ટોલેશન તેમજ મરામત અને નિભાવનું કામ તેમજ ઉપરોકત સઘળી કામગીરીનું વહીવટી સંચાલન કરવુ તેમજ ડે.ઈજનેરથી નીચેની કક્ષાનાં કર્મચારીઓ પાસે ખાતાને લગતી તમામ પ્રકારની કામગીરી કરાવવાનું કામ તેમજકાનબાઈ માતા, દશામાં તેમજ ગણેશ વિસર્જનની કામગીરીનું વહીવટી સંકલન.
(૩)	આસી.ઈજનેર/જુની.ઈજનેર (સિવિલ)	સ્મીમેર મેડીકલ, કોલેજ કેમ્પસ તથા સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતેની મિલ્કતોના મરામત અને નિભાવની કામગીરી તેમજ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વિવિધ ઝોનોમાં સ્વીમીંગ પુલ, ઓડિટોરીયમ, SHE બ્લોક ની કામગીરી અર્થે નવા પ્રકલ્પોનાં અંદાજો/ નકશા તૈયાર કરાવવા તેમજ મંજુર થયેલ અંદાજો મુજબ ટેન્ડરો બહાર પાડી ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાકટ સોંપવાથી લઈ સ્થળ પર કામગીરી શરૂ કરવા તેનું રોજ રોજ સ્થળ પર તપાસ કરી સીવીલ કામગીરીની દેખરેખ/ કોન્ટ્રાકટરોને પેમેન્ટ ચૂકવવા અંગેની કામગીરી તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરાવી ફાઈનલ બીલ બનાવી ઈજારદારોને ચૂકવવાથી ઓડિટ વિભાગ પાસે ચકાસણી અને ઓબ્જેકશનની પૂતર્તા કરવા સુધીની કામગીરી. સ્પેશિયલ પ્રકલ્પો તથા સ્મીમેરના તમામ કેપીટલ અને મરામત (નિભાવવાના કામો), વોટર પ્લાઝા, સ્પોટર્સ ફાઉન્ડેશન, DAY - NULM સ્કીમ

		અંતર્ગત શેલ્ટર/Vending Market ના કામો તેમજ કેપીટલ તથા જાળવણીનાં કામો તેમજ વાઈબ્રન્ટ ગુજરાત, દશામાં તેમજ ગણેશ પ્રતિમા વિસર્જનને લગતી તમામ કામગીરી, સ્મીમેર કેમ્પસ ખાતે માસ્ટર પ્લાન અંતર્ગત નવું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવવાની કામગીરી.
(૪)	આસી.ઈજનેર/જુની.ઈજનેર (ઈલેકટ્રીક)	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ હસ્તક આવેલ તમામ મિલ્કતોમાંઈલેકટ્રીકલને લગતી કેપીટલ કામોની તમામ કામગીરી,નવા સ્વીમીંગપુલ, ઓડિટોરીયમ, સી બ્લોક અને નવા પ્રકલ્પોનાં અંદાજો / નકશા તૈયાર કરવા તેમજ મંજુર થયેલ ઠરાવ મુજબ ટેન્ડરો બહાર પાડી ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાકટ સોંપવાથી સ્થળ પર કામગીરી શરૂ કરવા તથા સ્થળ પર તપાસ કરીઈલેકટ્રીકલ કામગીરીની દેખરેખ / કરેલ કામગીરીનું પેમેન્ટ ચુકવવા અંગેની કામગીરી તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરાવી ફાઈનલ બીલ બનાવી પેમેન્ટ ચૂકવવાથી ઓડીટ સુધીની કામગીરીમાં ઈલેકટ્રીકલ વર્કને લગતી તમામ કામગીરી. સ્મીમેર કેમ્પસ ખાતે ઉપરી અધિકારી ધ્વારા કચેરી હુકમ મારફત સોંપવામાં આવેલ ઈલેકટ્રીકલને લગતા કેપિટલ, મરામત અને નિભાવની કામગીરીઓ.
(૫)	સુપરવાઈઝર (સિવિલ)	પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ હસ્તકના તેમજ સ્મીમેર ખાતે પ્રગતિ હેઠળના કામોમાં ઈજારદાર પાસે ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરાવવી, તેમજ તમામ રજીસ્ટરો નિભાવવા, સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ સ્વીમીંગપુલોની વીઝીટ લઈ હયાત સ્વીમીંગ પુલોનાં મરામત નિભાવની કરાવવા જોગ કામગીરીની યાદી તૈયાર કરી, સબંધિત ઝોન સાથેનાં સંકલનમાં રહી, ઝોન મારફત બાકી રહેલ તમામ મેઈન્ટેનન્સની કામગીરી પૂર્ણ કરાવવાની કામગીરી, સ્મીમેર કેમ્પસમાંથી પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલમાં થતી મૌખિક/ લેખિત ફરિયાદો અન્વયેસ્થળ તપાસ કરી તેને આનુસાંગિક આગળની કાર્યવાહી કરવાની કામગીરી તેમજ સંબંધિત આસી./જુની.ઈજનેરો દ્વારા વખતો વખત સોંપવામાં આવતી કામગીરી.
(૬)	મેન્ટેનન્સ આસી. (ઈલે)/ ફર્સ્ટ કલાસ ઈલેકટ્રીકલ સુપરવાઈઝર	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ હસ્તકનાં સ્મીમેર હોસ્પિ./મેડી.કોલેજના કેમ્પસમાં આવેલ મિલ્કતોની ઈલેકટ્રીકલ મરામત અને નિભાવની કામગીરીનું સુપરવિઝન તેમજ કેપિટલ/ નવા પ્રકલ્પોના અદાજો/ નકશા તૈયાર કરવા તેમજ મંજુર ટેન્ડર મુજબ સ્થળ પરની કામગીરીનું સુપરવિઝન કરવું, થયેલ કામગીરીના પેમેન્ટ અર્થે મેઝરમેન્ટ નોંધી તે અનુસાર પેમેન્ટની કામગીરી તેમજ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરાવી ફાઈનલ બીલના પેમેન્ટ તથા ઓડીટ સુધીની કામગીરી.
(૭)	ટેક. આસી.	પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ હસ્તકના તેમજ સ્મીમેર ખાતે પ્રગતિ હેઠળના કામોમાં ઈજારદાર પાસે ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરાવવી, તેમજ તમામ રજીસ્ટરો નિભાવવા, સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ સ્વીમીંગપુલોની

		વીઝીટ લઈ હયાત સ્વીમીંગ પુલોનાં મરામત નિભાવની કરાવવા જોગ કામગીરીની યાદી તૈયાર કરી, સબંધિત ઝોન સાથેનાં સંકલનમાં રહી, ઝોન મારફત બાકી રહેલ તમામ મેઈન્ટેનન્સની કામગીરી પૂર્ણ કરાવવાની કામગીરી, સ્મીમેર કેમ્પસમાંથી પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલમાં થતી મૌખિક/ લેખિત ફરિયાદો અન્વયેસ્થળ તપાસ કરી તેને આનુસાંગિક આગળની કાર્યવાહી કરવાની કામગીરી તેમજ સંબંધિત આસી./જુની.ઈજનેરો દ્વારા વખતો વખત સોંપવામાં આવતી કામગીરી.
(૮)	ઈલેકટ્રીક વાયરમેન	તમામ પ્રકારના ઈલેકટ્રીફિકેશન કામગીરી, એર કન્ડીશનીંગ મશીન, વોટરકુલર, વોક વે કોલ્ડ રૂમ, વોટર ફિલ્ટર પ્લાન્ટ, સી.સી.ટી.વી. સિસ્ટમ, યુ.પી.એસ.સિસ્ટમ, લિફટ, ડીઝલ જનરેટર સેટ વિગેરેનું રોજીંદી સ્થળ ચકાસણી તેમજ તેમાં ઉદભવતી ખામીઓનું સ્થળ ખાતે નિરાકરણ કરાવવું. ફરિયાદોના નિકાલ માટે મરામત અને નિભાવની કામગીરી કરતા સંબંધિત ઈજારદારો સાથે સંકલન કરી ફરિયાદોનો નિકાલ કરવો તેમજ સ્થળ ખાતે ઈલે.સુપરવાઈઝર/મેન્ટે.આસી.(ઈલે.)ની સીધી સુચના/માર્ગદર્શન હેઠળ કામગીરી કરવી.
(૯)	પ્રથમ શ્રેણીકલાર્ક	દરેક પ્રકારની વહીવટી માહિતી તૈયાર કરાવવી તેમજ પર્સનલ એડવાન્સની કામગીરી તથા RTI ની માહિતી તૈયાર કરાવવી, વિવિધ સમિતિમાં દરખાસ્ત મોકલવાની કામગીરી તેમજ કલેરીકલ કામગીરી વ્યવસ્થિતકરાવવાની જવાબદારી તેમજ ઉપલા અધિકારીશ્રી ધ્વારા મળતી સુચના મુજબની કામગીરી.
(૧૦)	બીજીશ્રેણી કલાર્ક	કેપીટલ/રેવન્યુ બીલો બનાવવાની કામગીરી તથા તે અંગેના રજીસ્ટર મેઈન્ટેઈન કરવાની કામગીરી તેમજ એસ.ડી./ઈ.એમ.ડી. તથા ભરણાંને લગતી તમામ કામગીરી.
(૧૧)	ત્રીજી શ્રેણી કલાર્ક	ઈનવર્ડ – આઉટવર્ડની કામગીરી, એસ્ટા. ને લગતી હાજરી, રજાઓ વગેરે તમામ કામગીરી, પરિપત્ર/નોંધ આવેલ પત્રોના જવાબ તૈયાર કરવા, મ્યુ.સ્ટોર તથા મ્યુ.પ્રેસને લગતી તમામ કામગીરી.
(૧૨)	પટાવાળા	ખાતાની ટપાલ વહેંચવાની તેમજ ખાતાની સાફ–સફાઈ તથા સ્ટાફનાં હુકમ અનુસાર કરવાની કામગીરી.
(૧૩)	બેલદાર – કાયમી	ખાતાની ટપાલ વહેંચવાની તેમજ ખાતાની તથા મેઈન બિલ્ડીંગની સાફ–સફાઈ તથા સ્ટાફનાં હુકમ અનુસાર આઉટ ડોર કામગીરી જેવી કે સ્વીમીંગ પુલમાં, સ્મીમેરમાં વિગેરે.
(૧૪)	સફાઈ કામદાર	સાફ–સફાઈ તથા સ્ટાફના હુકમ અનુસાર કામગીરી.